દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

બુધવાર ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬

# હોટેલો, રેસ્તોરાંઓમાં સ્વચ્છતા અને આરોગ્યના નિયમોનું કડક પાલન કરાવાય તે ખૂબ જરૂરી છે

વાસી દૂધ, સડેલું માંસ, શાકભાજી પર ફૂગ-આ બધું કોઈ મામૂલી રસ્તા કિનારે આવેલી ખાણી-પીણીની દુકાને નહીં, પરંતુ બેંગલુરુની તાજ યશવંતપુર અને શાંગરી-લા જેવી સૌથી વૈભવશાળી હોટલો અને રિસોર્ટ્સમાં જોવા મળ્યું છે. શહેરની કેટલીક સૌથી પ્રતિષ્ઠિત લક્ઝરી હોટલોમાં કરવામાં આવેલા વ્યાપક નિરીક્ષણ દરમિયાન ખાદ્ય સુરક્ષાના નિયમોના ઉલ્લંઘનની એક લાંબી યાદી સામે આવી છે, જેના પગલે કર્ણાટકના ખાદ્ય સુરક્ષા અને ડ્રગ એડમિનિસ્ટ્રેશન વિભાગે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આ તપાસ અભિયાનમાં શહેરભરની પ્રીમિયમ હોસ્પિટાલિટી સંસ્થાઓને નિશાન બનાવવામાં આવી હતી. આ ઓપરેશનના ભાગરૂપે, અધિકારીઓએ લેબોરેટરી ટેસ્ટિંગ માટે વિવિધ સંસ્થાઓમાંથી ખાદ્ય પદાર્થોના ૩૫ સેમ્પલ એકત્રિત કર્યા હતા. આ સેમ્પલ્સમાં ચિકન, મટન, માછલી, ખાદ્ય તેલ, દૂધ, મસાલા, ચાનો પાવડર, ચીઝ, ટોમેટો સોસ, લીંબુનો રસ અને અન્ય ખાદ્ય ચીજોનો સમાવેશ થાય છે. સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે સેમ્પલ્સને વિગતવાર વિશ્લેષણ માટે પ્રયોગશાળાઓમાં મોકલવામાં આવ્યા છે, અને આગળની કાર્યવાહી તેના રિપોર્ટના આધારે કરવામાં આવશે.

આ તપાસમાં વિવિધ હોટલોમાં અનેક કથિત ઉલ્લંઘનો સામે આવ્યા છે. અધિકારીઓએ અસ્વચ્છ રસોડા અને સ્ટોરેજ એરિયા, એક્સપાયરી ડેટ વીતી ગઈ હોય તેવા ખાદ્ય પદાર્થો, શાકભાજી પર ફૂગ, ખોટી રીતે ખાદ્ય પદાર્થોની હેન્ડલિંગ પ્રક્રિયા, ખોટી બ્રાન્ડ વાળા ખાદ્ય પદાર્થોની હાજરી, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)ના લેબલિંગ નિયમોનું અનાદર, અને શાકાહારી તથા માંસાહારી ખાદ્ય પદાર્થો માટે અલગ સ્ટોરેજ સુવિધા જાળવવામાં નિષ્ફળતા અંગેનો અહેવાલ આપ્યો છે. તપાસ બાદ ખાદ્ય સુરક્ષા અધિકારીઓએ સંબંધિત ફૂડ બિઝનેસ ઓપરેટર્સને નોટિસ ફટકારી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે જ્યાં પણ નિયમોનું ઉલ્લંઘન જોવા મળ્યું છે તે સંસ્થાઓ સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. હવે કાર્યવાહી કરવાની વાત થાય છે પરંતુ સાચી વાત તો એ છે કે સમયાંતરે ચકાસણીઓ કરવામાં આવે અને નિયમોનું પાલન કરાવવામાં આવે તો હોટેલો અને રેસ્તોરાંઓ આટલી હદે બેદરકારી દાખવવાની હિંમત જ નહીં કરે. અહીં વિચારવાની વાત એ છે કે આટલી મોટી અને પ્રતિષ્ઠિત કહેવાતી હોટેલોના રસોડાઓમાં આવી હાલત હોય તો સામાન્ય હોટેલો કે રેસ્તોરાંઓમાં તો કેવી હાલત રહેતી હશે?

કઇ હોટેલોમાં આ ખરાબ ખાદ્ય સામગ્રી મળી આવી હતી તેમના નામો અને વિગતો પણ જાણવા જેવા છે. ધ લલિત અશોક ખાતે અધિકારીઓએ ૭૬ કિલો માંસ, ૨૦૦ કિલો શાકભાજી અને ૩૨ લીટર એક્સપાયર થયેલું દૂધ જપ્ત કરીને તેનો નાશ કર્યો હતો. શાંગરી-લા બેંગલુરુ: ખાતેથી ૧૫ કિલો માંસ જપ્ત કરવામાં આવ્યું હતું. ફોર સીઝન્સ હોટેલ બેંગલુરુ: ખાતે અધિકારીઓએ ૧૯ કિલો માંસ જપ્ત કર્યું હતું. વિવંતા બેંગલુરુ વ્હાઇટફિલ્ડ: ખાતે ત્રણ કિલો એક્સપાયરી ડેટ વાળી બેકરી પ્રોડક્ટ્સનો નાશ કરવામાં આવ્યો હતો. તાજ યશવંતપુર: ખાતે અધિકારીઓએ ૭૨ કિલો માંસ અને માછલી જપ્ત કરી હતી. સૌથી મોટી રિકવરી રેડિસન બ્લુ (ધ એટ્રિયા) ખાતે થઈ હતી, જ્યાં સત્તાવાળાઓએ ૧૦૫ કિલો એક્સપાયર થયેલા ખાદ્ય પદાર્થો જપ્ત કરીને તેનો નાશ કર્યો હતો. આ જથ્થામાં ૫૦ કિલો ચિકન, ૨૫ કિલો માંસ, ૨૩ કિલો માછલી અને ૭ કિલો શાકભાજીનો સમાવેશ થાય છે! ફરી એકવાર એ વાત દોહરાવીએ કે આટલી મોટી અને પ્રતિષ્ઠિત કહેવાતી હોટેલો જો આવી બેદરકારી દાખવતી હોય તો નાની અને સામાન્ય રેસ્તોરાંઓમાં તો કેવી સ્થિતિ હશે? અને રસ્તા પર ચાલતી ખાણીપીણીની રેંકડીઓ અને સ્ટોલોની તો વાત જ શું કરવી? જો કે બધી જ જગ્યાએ કંઇ આવી બેદરકારી હોતી નથી. કેટલીક નાની ઇટરીઓ કે રેસ્તોરાંઓમાં પણ સ્વચ્છતાની ખૂબ કાળજી રાખવામાં આવે છે પરંતુ આપણે ત્યાં આવું અપવાદરૂપ કિસ્સાઓમાં જોવા મળે છે. મોટા ભાગના રેસ્તોરાંઓ ગ્રાહકોને તેમના કિચન જોવા દેતા નથી. વાત સ્પષ્ટ છે - તેમને પોલ ખુલી જવાનો ભય હોય છે. નબળી સ્વચ્છતાના કારણે ખોરાક બનાવવાની અને તેના સંગ્રહ કરવાની જગ્યાઓમાં ઉંદર, વંદા અને માખીઓની હાજરી હોવી એ આપણે ત્યાં રેસ્તોરાંઓના કિચનમાં સામાન્ય બાબત છે. વળી ફૂડ હેન્ડલર્સ (ખોરાક બનાવનાર/પીરસનાર) માં વ્યક્તિગત સ્વચ્છતાનો અભાવ એ ભારતમાં મોટી સમસ્યા છે. હોટેલો કે રેસ્તોરાંઓ જ નહીં, રેલવે ટ્રેનોની કેટરિંગ સર્વિસના કિચનમાં પણ ઘણી વખત ભયંકર અસ્વચ્છતા જો મળે છે અને આ બધી બાબતો છેવટે તો લોકોના આરોગ્ય સાથે ચેડા કરનારી છે. આ બાબતે કડક નિયમો ઘડવામાં આવે અને તેમનું ચુસ્ત રીતે પાલન કરાવવામાં આવે તે ખૂબ જરૂરી છે. સરકારી તંત્રો આ બાબતે ભારે બેદરકરી દાખવે છે અને આ બધુ ચાલતુ રહે છે.

# પરિવર્તિત વિશ્વ સાથે નવી પેઢીને સજાગ રાખવા પારંપરિક શિક્ષણવ્યવસ્થા છોડી દઈએ

**અવારનવાર**

**ડૉ.નાનક ભટ્ટ**

**બાળકોને ઈન્દ્રિયશિક્ષણ, જીવનશિક્ષણ, મૂલ્યશિક્ષણ અને સમાજ શિક્ષણના પાઠ આપીને છેવટે પસંદગી અનુસાર આગળનો માર્ગ ખુલ્લો કરી આપીએ**

૧૮૫૭નો બળવો નિષ્ફળ ગયો. ગણ્યા-ગાંઠ્યા અંગ્રેજો સામે દેશ તૂટી ગયો. એ સમયે શૂરવીરોના બાવડામાં જનોઈવાઢ આપવાની તાકાત નહોતી તેવું નહોતું. ભારતીય યોદ્ધાઓની રાષ્ટ્રભક્તિમાં કમી નહોતી પરંતુ રાજવીઓના સૈન્ય પાસે ડિસ્ટન્ટ કિલિંગ ટેકનોલોજીનો અભાવ હતો. તલવાર, ભાલા, બરછી સામે ૩૦૦ મીટરના અંતરથી અચૂક વાર કરતી બંદૂકો અને ૧૨૦૦ મીટર દૂરથી છૂટતા તોપના ગોળાઓનો અભાવ હતો. આથી દેશના અજય કિલ્લાઓ ખરી પડ્યા. સરવાળે આઝાદી ૯૦ વર્ષ પાછી ઠેલાઈ અને ઔદ્યોગિક ક્રાંતિ પછીના તકનીકી વિકાસે તો શૌર્ય અને રાષ્ટ્ર ભાવનાથી થતા વિજયના ઈતિહાસને પલટ્યો તેથી વિશેષ તકનીક આધારિત રણનીતિને વિકાસ તરીકે સ્વીકાર મળ્યો.

સાંદિપની આશ્રમમાં ભણતા કૃષ્ણ અને સુદામા કે ગુરુદ્રોણના સમયથી સ્થાપિત ગુરુકુળના ઈતિહાસને ૧૮૩૫માં એક અંગ્રેજ વિચારક મેકોલેએ ભારતમાં રહીને બદલ્યો. બિનનિવાસી શાળાઓ દ્વારા જ્ઞાનની આપ-લેની સામાજિક પ્રક્રિયા વિસ્તારવા સાથે વ્યક્તિગત સંપર્કના સ્થાને નિયત સમયગાળાને માપદંડ તરીકે સ્વીકારવામાં આવ્યો. ઉપરાંત સત્રના અંતે ૧૦૦ ગુણની લેખિત-મૌખિક પરીક્ષા દ્વારા વિદ્યાર્થીની ગુણવત્તા નક્કી કરવાનો રિવાજ પ્રચલિત કરવામાં આવ્યો. ૧૯૪૭ સુધીમાં ગુલામ ભારતનાં તમામ તહેસીલોમાં રાજ્ય આશ્રિત શિક્ષણવ્યવસ્થાનો પાયો નંખાયો. નગરજનોના શિક્ષણવેરા આધારિત શિક્ષણ મંત્રાલયો સ્થપાયાં અને આઝાદી પછી તો શિક્ષણ વિભાગ, શિક્ષક, શાળાસંકુલ, પરીક્ષા સંકલન પ્રકારે વિવિધ એકમો રાજ્યની વ્યવસ્થાના દાયરામાં મૂકાયા એટલું જ નહીં પણ શાળાકીય શિક્ષણને વ્યક્તિના બંધારણીય અધિકાર તરીકે પ્રસ્થાપિત કરી દેવાયું.

માહિતી અને સામાજિક આવડતોના આદાનપ્રદાનનાં સાતત્ય તથા સરકારી પ્રભાવને લક્ષમાં લેતાં હિંદ સ્વરાજ્યમાં મહાત્મા ગાંધીએ લખવું પડયું કે, "શિક્ષણ લોકોને જવાબદાર અને કામઢા બનાવે તેવું હોવું જોઈએ." શિક્ષણ વ્યવસ્થાપન ઉપર સમાજની અતિશય નિર્ભરતાને લક્ષમાં રાખી અખિલ ભારતીય વિશ્વ વિદ્યાલય સંઘના અધિવેશનમાં તત્કાલિન વડાપ્રધાન પ્રા. ડો. પી. વી. નરસિંહરાવે કહ્યું કે, "દર્શનશાસ્ત્રની સમીક્ષાએ પુરવાર કર્યું છે કે, નાના છિદ્રમાંથી સંપૂર્ણનું દર્શન શક્ય નથી." સંસ્કૃતના પ્રાધ્યાપક નરસિંહરાવે પોતાના ગહન અધ્યયનને શિક્ષણ વ્યવસ્થા સાથે જોડી ઉમેર્યું કે, 'ઈતિહાસનાં અવલોકનથી ખ્યાલ આવે છે કે, જગતની કોઈ તરાહ સર્વાંગી ઈલાજ આપી શકતી નથી.'

મેકોલે શિક્ષણનાં પરિણામો આજે ૧૯૧ વર્ષ અને આઝાદી પછી ૮૦ વર્ષ પછી મુલવતાં જણાય છે કે વ્યવસ્થાપન પાછળ ગુજરાત રાજ્ય વરસે ૬૩,૧૮૪ કરોડનો ખર્ચ કરે છે. આમ છતાં વર્ષ ૨૦૨૬માં ધોરણ-૧૦માં અને ૨,૪૨,૨૦૬ વિદ્યાર્થીઓ માતૃભાષાના પેપરમાં જ નાપાસ થયાં છે. ૧૧૩ શાળાઓનું પરિણામ ૧૦% થી ઓછું આવ્યું છે. પ્રાથમિક શાળાથી જ અંગ્રેજી અને ગણિત વિષયના અભ્યાસનો આગ્રહ હોવા છતાં શાળા સંચાલકોને ઝટકો દે તેવા સમાચાર એ છે કે, ૧.૬૮ લાખ બાળકો અંગ્રેજી વિષયમાં અને ૨.૭ લાખ બાળકો ગણિતમાં નાપાસ થયાં છે.

વિજ્ઞાન પ્રવાહનું પરિણામ વર્ષ ૨૦૨૪ કરતાં ૮% ઓછું છે. જે છેલ્લાં ૨૦ વર્ષમાં સહુથી નબળું છે. કેન્દ્ર સરકારનાં પ્રોગ્રેસ રીપોર્ટ ૨૦૨૪-૨૫ અનુસાર ગુજરાતમાં ૪૯.૧૮% વિદ્યાર્થીઓ સ્કૂલ શિક્ષણ અધૂરું છોડી દે છે. પ્રવેશ ઉત્સવના સરકાર હસ્તકના કાર્યક્રમ પછી પણ એકલા ગુજરાતમાં ૫૨% વિદ્યાર્થીઓ હાયર સેકન્ડરી સુધી પહોંચતાં જ નથી. રીપોર્ટ નોંધે છે કે માત્ર ૨૬.૨% વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ દ્વારા પહોંચે છે!

૧૯૩૮માં રાષ્ટ્રનિર્માણ અંગેના કાવ્યમાં રવીન્દ્રનાથ ટાગોરે પોતાની દીર્ઘ સમજને ફેલાવતાં કહેલું કે, "ઈંટોના આકાર કે ગોઠવણીના ફેરફારથી સ્વરાજ્ય ભાવના સાકાર થશે નહીં", 'યા હોમ કરીને પડો ફત્તેહ છે આગે' તેવું ગાનાર કવિ નર્મદે પણ કલમને ખોળે માથું મૂકીને કહેલું કે, 'નિશાળો સુધારણા હેતુ માટે ઉપકારક નથી.' જો કે ગુજરાત વ્યાપારી ભાષા સમજે છે. બજાર થકી સમાજનું ઘડતર થઈ રહ્યું છે તે અનુભવે છે. વિજ્ઞાન અને તકનીકથી આવતાં પરિવર્તનો સ્વીકારે છે. તેમ છતાં મા-બાપ અને શાળા સંચાલકો શિક્ષણવ્યવસ્થામાં ખુલ્લાપણું સ્વીકારવા તૈયાર નથી! નવી પેઢી એ વિકસિત રાખવા હવે શિક્ષણનો સંદર્ભ ભૂતકાળ સાથે જોડી રાખવાના બદલે શિક્ષણવ્યવસ્થાપનને જ્ઞાનનું શિક્ષણ, માહિતીનું શિક્ષણ, જીવનશિક્ષણ, વ્યવસાયનું શિક્ષણ અને વહીવટી સંચાલન માટેની તાલીમ તરીકે વિકસાવીએ. માહિતીની આપ-લેનો આધાર યાદદાસ નહીં પણ માનવ મસ્તિષ્કને બનાવીએ. શિક્ષણ, પરીક્ષા, પાઠ્યક્રમ તેવી પારંપારિક ઈંટોને પડતી મૂકી બજાર માફક શિક્ષણને સાધ્યલક્ષી બહુહેતુક બનાવીએ. બાળકોનાં ૬ થી ૧૮ વર્ષના બહુમૂલ્ય સમયનો ઉપયોગ કરી ૧થી ૧૨ ધોરણને રાજ્યની જવાબદારી હેઠળ લઈ જઈએ. બાળકોને માતૃભાષામાં પુસ્તકના ભાર વિના ભણાવીએ. બાળકોને ઈન્દ્રિયશિક્ષણ, જીવનશિક્ષણ, મૂલ્યશિક્ષણ અને સમાજ શિક્ષણના પાઠ આપીને છેવટે પસંદગી અનુસાર આગળનો માર્ગ ખુલ્લો કરી આપીએ.

ભવિષ્યના ભારતનાં યુવાનોની ચિંતા વ્યક્ત કરતાં પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે દેશનાં વહીવટી અધિકારીઓને કહ્યું હતું કે, પ્રતિવર્ષ ૭૦ લાખ વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ અને ૩૦ લાખ ભાઈ-બહેનો સ્નાતક પદવી લઈ બહાર આવે છે ત્યારે તેમનો માર્ગ પ્રશસ્ય નહીં કરીએ તો યુવાવર્ગમાં અજંપો વધી જશે. રાષ્ટ્ર ઉપર આવી રહેલી આફતની ભવિષ્યવાણી ભારતરત્ને કરી જ છે જેને ગંભીરતાથી લઈએ.

ગુજરાતમાં ૪૩,૯૬૮ કરતાં વધુ પ્રાથમિક શાળાઓ છે. ત્યારે શાળા સંચાલકો પોતાની શાળામાં માત્ર ૨૦ બાળકોને પસંદ કરી ધોરણ ૧ થી ૭ સુધી માતૃભાષામાં પુસ્તક વિના અવૈધિક પદ્ધતિથી માહિતીનાં આદાનપ્રદાનનો પ્રયોગ કરે તો હિંદ સ્વરાજ્યની કલ્પનાનો કામઢો અને જવાબદાર માણસ તૈયાર થશે. દેશના પૂર્વ વડા પ્રધાન જવાહરલાલ નહેરૂએ ૧૯૫૮માં લાલ કિલ્લા ઉપરથી કહ્યું, "કામ અધિક બાતેં કમ" તેમ શિક્ષણને ચિંતનવિષય રાખવાના બદલે અમલવારીની સૂચિમાં લાવીશું તો જ ડગલે-ડગલે નવી કેડી કંડારાશે. મેકોલેએ વાવેલ થોર મૂળમાંથી નિર્મૂળ થશે.


- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ભગવાન ખાલી હાથ નથી રાખતા

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

એક માંસ પોતાના જીવનની મુશ્કેલીઓ અને પરેશાનીઓથી સાવ કંટાળી ગયો હતો તે મંદિરમાં જીને મોટે મોતેતી ભગવાનને ફરિયાદ કરવા લાગ્યો કે તે મને આવું જીવન કેમ આપ્યું અને પછી ફરિયાદ કરતા કરતા ઝઘડો કરવા લાગ્યો. મ્નદીરના પુજારી આ બધું સાંભળી રહ્યા હતા તેમને સમજાઈ ગયું કે આ માણસ બિચારો જિંદગીની મુશ્કેલીઓથી ઘેરાઈને તૂટી ગયો છે અને અત્યારે એટલો હતાશ છે કે તેને સમજાવવાનો કોઈ અર્થ સરશે નહિ.



પુજારીએ તેને કહ્યું, 'ભાઈ બહુ દુ:ખી લાગે છે તું .... ભગવાને તારી બહુ કસોટી કરી લાગે છે.એક કામ કર આ કાગળ લે અને તેની એક બાજુ ભગવાને તને શું શું નથી આપ્યું તે લખી નાખજે અને તેની બીજી બાજુ ભગવાને તને શું શું આપ્યું છે તે લખી નાખજે અને પછી મને આપજે હું ભગવાનના ચરણમાં કાગળ મુકીને તારા માટે પ્રાર્થના કરીશ.

માણસ ભગવાનને ફરિયાદ કરતો કાગળ લઈને મંદિરના ઓટલે બેઠો અને તેણે લખવાનું શરુ કર્યું તેને ભગવાને શું નથી આપ્યું તે પાનાં પર શરૂઆત કરી...

ભગવાને મને ભણતરને અનુરૂપ નોકરી નથી આપી.
ભગવાને મને મોટી ગાડી નથી આપી
ભગવાને મને રહેવા માટે બંગલો નથી આપ્યો
ભગવાને મને ...... બસ પાંચ થી સાત લીટીઓ લખી તે અટક્યો

કાગળની બીજી બાજુ તેણે ભગવાને મને શું આપ્યું છે તેમાં લખવાની શરુઆત કરી

ભગવાને મને પ્રેમાન પત્ની અને બે બાળકો આપ્યા છે
ભગવાને મને માતા પિતાની છાય આપી છે
ભગવાને મને નાનું ઘર આપ્યું છે
ભગવાને મને સ્વસ્થ શરીર આપ્યું છે
ભગવાને મને મિત્રો આપ્યા છે
ભગવાને બુદ્ધિ આપી છે તે હજી લખી રહ્યો હતો .....

લખતા લખતા તે અટક્યો અને કાગળને આગળ પાછળ ફેરવીને જોવા લાગ્યો.તેની અંદર કૈંક ઓગળતું હોય તેવું લાગ્યું તેનો ગુસ્સો અને અસંતોષ ઓગળી રહ્યો હતો તેની આંખમાંથી આંસુ વહેવા લાગ્યા.તેને સમજાયું કે વર્ષોથી તે તેની પાસે જે કઈ ન હતું તે મેળવવા માટે આંખ બંધ કરીને દોડી રહ્યો હતો અને એટલે તેને દેખાતું જ ન હતું કે ભગવાને તેને શું શું આપ્યું છે.તેની પાસે જે ન હતું તે ચીજો પાછળ દોડવામાં તે તેની પાસે જે હતું તેને તો સાવ ભૂલી જ ગયો હતો અને આ બધી કિંમતી ચીજો ભગવાને તેને માંગ્યા વિના આપી હતી.

તેના મનમાંથી ફરિયાદ સાવ દુર થઇ ગઈ...તે કાગળ લઈને મંદીરમાં અંદર ગયો અને ભગવાન સામે દંડવટ કરી પોતે કરેલા ગુસ્સા અને ફરિયાદ માટે માફી માંગવા લાગ્યો.અને ભગવાનની કૃપા માટે આભાર માનવા લાગ્યો. પૂજારીજીએ કોઈ ઉપદેશ આપ્યા વિના માણસના મનનો અંધકાર દુર કરી દીધો.

# ભાજપને RSSનો સંદેશ: જેન ઝીનો અવાજ દેશદ્રોહ નથી

**ફિંગર પ્રિન્ટ**

**શેખર ઐયર**

**નિરીક્ષકો તેમની ટિપ્પણીઓને ઘર્ષણને બદલે રચનાત્મક જોડાણ અને પ્રણાલીગત સુધારા તરફના એક નિર્દેશ તરીકે જુએ છે**

૬ ઓગસ્ટના રોજ મુંબઈમાં જેન ઝી સાથેની વાતચીત દરમિયાન આરએસએસ પ્રમુખ મોહન ભાગવતની ટિપ્પણીઓ ભાજપના ઉચ્ચ નેતૃત્વને ગંભીરતાથી વિચારવા મજબૂર કરે તેવી છે.

વડા પ્રધાન મોદી યુવાનો સાથે સંવાદ શરૂ કરે તે પહેલાં સંઘ મોદી સરકાર કરતાં આગળ વધીને યુવાનો સાથે વાતચીત શરૂ કરવામાં અગ્રેસર દેખાઈ રહ્યો છે. ભાગવતે સ્પષ્ટ કર્યું હતું કે, પરીક્ષાના પેપર લીક જેવા મુદ્દાઓ પર જેન ઝી વિરોધ પ્રદર્શન કરે છે તે સંવાદનું એક કાયદેસરનું સ્વરૂપ છે. તેમણે ભારપૂર્વક કહ્યું છે કે, યુવાનોના અસંતોષ અને ફરિયાદો વાસ્તવિક છે અને તેને 'દેશવિરોધી' ચિતરવા જોઈએ નહીં.

સંદેશ સ્પષ્ટ છે: અસહમતિ એ અણગમો કે દેશદ્રોહ નથી અને રસ્તાઓ પર વિરોધ પ્રદર્શન કરતાં યુવાનોને આપમેળે દેશના દુશ્મન તરીકે દર્શાવી શકાય નહીં.

ભાગવતે વિરોધ કરી રહેલાં યુવાનોને 'દેશવિરોધી' તરીકે ચિતરવાના ઘણા સરકારી અને ભાજપના નેતાઓના પ્રયાસો સામે વિરોધ નોંધાવ્યો છે. તેમણે કહ્યું કે, જેન ઝી અગાઉની પેઢીઓ કરતાં વધુ પ્રામાણિક છે અને તેમની પાસે સત્તામાં બેઠેલાં લોકોને પ્રશ્નો પૂછવાનો અધિકાર છે. શિક્ષણ, રોજગાર અને જવાબદારીના મુદ્દે વ્યાપક વિરોધ પ્રદર્શનો બાદ યુવાનો પર વધતા રાજકીય ધ્યાન વચ્ચે તેમની આ ટિપ્પણીઓ આવી છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપ પોતાના દમ પર બહુમતી મેળવવામાં નિષ્ફળ રહ્યો તે પછી તરત જ ભાગવતે કહ્યું હતું કે, "સાચો સેવક ક્યારેય અહંકારી હોતો નથી" અને તેણે મર્યાદાનું પાલન કરીને કામ કરવું જોઈએ.

- ભાગવતે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "જો જેન ઝી વિરોધ કરી રહી છે તો તેઓ દેશવિરોધી નથી" અને સરકારે તેમને ફગાવી દેવાને બદલે તર્ક અને સંવાદ દ્વારા તેમની ફરિયાદોનો ઉકેલ લાવવો જોઈએ.

આ વાત કેટલાક ભાજપ નેતાઓના આક્રમક વલણથી સંપૂર્ણપણે વિપરીત હતી. જે ભૂલવું ન જોઈએ તે એ છે કે, કોલકાતા અને ભોપાલમાં શતાબ્દી મહોત્સવના વિવિધ કાર્યક્રમોમાં ભાગવતે વારંવાર ચેતવણી આપી હતી કે, "ભાજપની નજરથી સંઘને જોવો એ મોટી ભૂલ છે." અને તેમણે ભાજપ પર પોતાની વૈચારિક સ્વાયત્તતા મજબૂત રીતે રજૂ કરી હતી.

૮ ઓગસ્ટે, મોદીએ બતાવ્યું કે તેઓ આ પડકાર પ્રત્યે સજાગ હતા. તેમણે આઈઆઈટી દિલ્હીના ૫૭મા પદવીદાન સમારોહને મુખ્ય અતિથિ તરીકે સંબોધિત કર્યો, જેમાં યુવાનોમાં લોકપ્રિય ભાષા, જીવનના મહત્ત્વપૂર્ણ પાઠ અને રાષ્ટ્રીય તકનિકી સિદ્ધિઓનું પ્રેરણાદાયક મિશ્રણ રજૂ કર્યું. તેમણે વર્તમાન ઘટનાઓની બીજી બાજુ સામે લાવી. મોદીએ લોકપ્રિય 'જેન-ઝી' શબ્દપ્રયોગોનો ઉપયોગ કરીને શ્રોતાઓનું ધ્યાન આકર્ષિત કર્યું હતું.

તેમણે દર્શાવ્યું કે આજનો યુવાવર્ગ કેવી રીતે હિંમતપૂર્વક પોતાની સિદ્ધિઓનો દાવો કરી રહ્યો છે, જેમ કે "મારા પરિવારમાં રોકેટ બનાવનાર હું પહેલો છું," "મારા પરિવારમાં ડ્રોન બનાવનાર હું પહેલો છું," મોદીએ શૈક્ષણિક જીવન અને વાસ્તવિકતા વચ્ચેનો તફાવત દર્શાવતાં કહ્યું: "આઈઆઈટી પરીક્ષાઓમાં એક સિલેબસ હોય છે... પરંતુ જીવનની પરીક્ષામાં બધું જ સિલેબસની બહારનું હોય છે."

યુવા આંદોલનોથી માત્ર મોદી અને ભાજપ જ ચિંતિત છે એવું નથી. છેવટે, ૬ ઓગસ્ટે લોકસભામાં વિરોધ પક્ષના નેતા (એલઓપી) રાહુલ ગાંધીએ પણ સરકારી ભરતી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ અંગે ઝારખંડમાં વિરોધ કરી રહેલાં વિદ્યાર્થીઓ સુધી પહોંચવું પડ્યું હતું. તેમણે તેમને આશ્વાસન આપ્યું હતું કે, તેમની ચિંતાઓ જેએમએમ-કોંગ્રેસ રાજ્ય સરકાર સમક્ષ ઉઠાવવામાં આવશે અને તેમની માંગણીઓને ટેકો આપ્યો હતો.

તેમની વાતચીત કેટલાક સિવિલ સર્વિસ ઉમેદવારો સાથે રાંચીમાં જેપીએસસી-જેએસએસસીનાં ઉમેદવારો દ્વારા ચાલી રહેલા આંદોલન વચ્ચે આવી છે, જ્યાં તેઓ વિવાદાસ્પદ પરીક્ષા રદ કરવાની, કથિત ગેરરીતિઓની નિષ્પક્ષ તપાસ અને ભરતી પ્રક્રિયામાં વ્યાપક સુધારાની માંગ કરી રહ્યા છે.

જ્યારે તેઓ નીટ લીક પર કેન્દ્ર સરકાર પર પ્રહાર કરી રહ્યા હતા અને પ્રધાનના રાજીનામા માટે દબાણ કરી રહ્યા હતા, ત્યારે રાહુલ અને અન્ય વિપક્ષી નેતાઓને અપેક્ષા નહોતી કે રાંચીનાં વિરોધ પ્રદર્શનોથી તેમના માટે પણ આટલી મોટી શરમજનક સ્થિતિ બની જશે. ૯ ઓગસ્ટે, જેએમએમ-કોંગ્રેસ સંચાલિત ઝારખંડ સરકારે ૧૪મી જેપીએસસી પ્રારંભિક પરીક્ષા, જેપીએસસી બેકલોગ ૨૦૨૩ અને જેપીએસસી બેકલોગ ૨૦૨૫ રદ કરવા સંમતિ આપી.

રાંચીના જયપાલસિંહ મુંડા સ્ટેડિયમમાં વિદ્યાર્થી નેતા દેવેન્દ્રનાથ મહતો અચોક્કસ મુદતની ભૂખ હડતાળ પર બેઠા છે, જેણે દિલ્હીના જંતરમંતર પર સોનમ વાંગચુકના આંદોલન જેટલું જ ધ્યાન ખેંચ્યું છે. ૫ ઓગસ્ટે, એક્ટિવિસ્ટ સોનમ વાંગચુક સાથે વીડિયો કોલ પછી મહતો ઉપવાસ ચાલુ રાખીને ઓછામાં ઓછું પાણી પીવા સંમત થયા હતા.

તેમની માંગણીઓ હતી: વિવાદાસ્પદ ૧૪મી કમ્બાઈન્ડ સિવિલ સર્વિસિસ પ્રારંભિક પરીક્ષા રદ કરવી, સીબીઆઈ તપાસના આદેશ આપવા અને ઝારખંડની ભરતી પ્રક્રિયામાં જનતાનો વિશ્વાસ પુન:સ્થાપિત કરવો.

આ આંદોલન ૨ જુલાઈથી શરૂ થયું હતું, જ્યારે જેપીએસસીએ ૧૦૩ સિવિલ સર્વિસ પદોની ભરતી માટે ૨,૨૦૪ સફળ ઉમેદવારો જાહેર કરીને પરીક્ષાનાં પરિણામોની જાહેરાત કરી હતી. ઉમેદવારોને મુખ્ય પરીક્ષાની તૈયારી માટે માત્ર ૧૭ દિવસ જ મળ્યા હતા. વધુ નુકસાનકારક બાબત એ હતી કે, જેપીએસસી કેટેગરી વાઈઝ કટ-ઓફ માર્ક્સ જાહેર કરવામાં નિષ્ફળ રહી, જે પારદર્શિતાની પાયાની જરૂરિયાત છે. કમિશનના કેટલાક સભ્યોએ પણ જે રીતે પરિણામો જાહેર કરાયા હતા તે સામે વાંધો ઉઠાવ્યો હતો.

૨૧ જુલાઈના રોજ ઝારખંડ સીઆઈડીએ આઠ વ્યક્તિઓની ધરપકડ કરી હતી, જેમાં ડેપ્યુટી એક્ઝામિનેશન કન્ટ્રોલર શ્વેતાકુમારી ગુપ્તા અને લખનઉ સ્થિત કંપની ટીએસઆર ડેટા પ્રોસેસિંગ પ્રાઈવેટ લિમિટેડ (ટીડીપીએલ)ના ડિરેક્ટરો અને કર્મચારીઓ સામેલ હતા. આ કંપનીને પરીક્ષા પ્રક્રિયાનાં મુખ્ય પાસાંઓની જવાબદારી સોંપવામાં આવી હતી. જે એક વિવાદાસ્પદ પરીક્ષા સામેના વિરોધ તરીકે શરૂ થયું હતું તે ઝારખંડના ભરતી તંત્રના માળખાકીય સુધારાની માંગ કરતા આંદોલનમાં પરિણમ્યું.

મુખ્યમંત્રી હેમંત સોરેન કે રાહુલ ગાંધી બંનેમાંથી કોઈ પણ આ સમસ્યાને નકારી શકે તેમ નથી! આ વિરોધ વચ્ચે સોશ્યલ મીડિયા પર વિદ્યાર્થીઓએ કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના નેતાઓની વિરોધ પ્રદર્શનમાં ગેરહાજરી બદલ ટીકા કરવાનું શરૂ કર્યું છે. રાંચીના વિરોધ પ્રદર્શનથી દૂર રહ્યા.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## તળાવ બચાવો અભિયાન

નવસારીના સરબતિયા તળાવની વાત ન્યાયતંત્ર પાસે હતી. નવસારી કોર્ટ બંધારણનું અનુચ્છેદ 51 જી નાગરિકને કુદરતી જળ સ્રોત બચાવવાની મૂળભૂત ફરજો સોંપે છે.

ગુજરાત તથા અન્ય મુંબઈ, બિહાર, મદ્રાસ, તમિલનાડુ, કેરાલા જેવી હાઈકોર્ટ વારંવાર તે અંગે ચુકાદા આપી ચૂકી છે અને સ્થાનિક ન્યાયતંત્રને કેસ સાંભળીને ન્યાય કરવા અંગે પણ રાજ્યોને નિર્દેશ આપી ચૂકી છે.બસ, જરૂર છે જાગૃતિ રાખવાની. આપણી આસપાસના કુદરતી જળ સ્રોત, નદી, નાળા, કાંસ, તળાવ, ખાડી કે વહેણ ઉપર મહાનગરપાલિકા પોતાના ભ્રષ્ટાચારયુક્ત વિકાસનો પંજો પાડીને તેને પૂરી ન દે તે જોવાની અને પ્રશ્નને તાત્કાલિક કોર્ટમાં લઈ જઈને દેશના પર્યાવરણને સાચવવાની જવાબદારી અદા કરવાની દિશામાં પોતાનું નિ:સ્વાર્થ યોગદાન કરવાની,નવસારી સરબતિયા તળાવ અને તેના મૂળભૂત સ્વરૂપમાં બચાવ કરવાની કામગીરી હરહંમેશ ચાલુ રહેશે. આશા રાખીએ નવસારીની ત્રણ લાખની જનતા પોતે આ કુદરતી જળ સ્રોતને તેની મૂળ સ્થિતિમાં ફરીથી લાવવા અને જાળવી રાખવા માટે જાગૃત બને અને દેશ પ્રત્યેની ફરજ અદા કરે.

**નવસારી -રાજન જોશી**

## આરોગ્ય સંબંધિત 'સેવા'ઓ : વ્યવસાય કે ધંધો?

તારીખ ૨ ઓગસ્ટ, ૨૦૨૬ ના 'ગુજરાતમિત્ર' ની રવિવારીય પૂર્તિમાં કિરણ કાપૂરેની કટાર ' ઈન સાઈડ આઉટ સાઈડ ' માં 'આરોગ્ય ક્ષેત્રનું પોલ ખોલતું પુસ્તક : ધ સાઈલેન્ટ સિન્ડિકેટ ' શીર્ષક હેઠળનો માહિતીપ્રદ લેખ વાંચ્યો, જે સામાન્ય માણસને સામાન્ય રીતે થતા અનુભવોને વાચા પ્રદાન કરનારો છે સાથે સાથે એક ડર પણ પેદા કરનારો છે કે ક્યારે શું થશે અને કેવા ડોક્ટર સાથે કામ પાડવું પડશે અને આ ડર પણ માનસિક અને તેની અસર રૂપે શારીરિક આરોગ્ય ખોરવનાર પણ સાબિત થઈ શકે છે. એક તરફ હોસ્પિટલ વ્યવસ્થાપન જે ક્યારેક ' ટ્રસ્ટ ' (ખરેખર?) કે ક્યારેક ડોકટર પોતે હોય છે. તેઓ વિચારે છે કે કેટલા બેડ ભરેલા છે. ક્યારેક પૂરા બેડ ભરેલા હોય અને કોઈ નવા દર્દી, જેમાં લાંબી સારવારની શક્યતા હોય, તે છટકી નહીં જાય તે માટે કેટલાંક ચાલુ દર્દીને કેવી રીતે વહેલો ડિસ્ચાર્જ અપાય તેની શક્યતા પણ વિચારતા હોય છે. કોરોના પછી ઘણાં સાજા સમા જુવાનો સહિત અનેક લોકો એકાએક ઢળી પડ્યાં અને આ દુનિયા છોડી ગયાં તે આવી પરિસ્થિતિથી બચી ગયા તેવો થોડી ક્ષણો પૂરતો પણ એહસાસ થયા વિના રહેતો નથી જ.

**સુરત - પિયુષ મહેતા**

## કાકડી ખાવાના ફાયદા

કાકડી ખાવી ખૂબ જ ફાયદાકારક છે. તે તાજગી આપે છે. તેમાં ૯૬ % પાણીનો ભાગ છે. એ ખાવાથી ખૂબ જ ઓછી કેલેરી મળે છે તથા તેના ફાઈબર પાચનક્રિયામાં પણ ખૂબ મદદ કરે છે. ડાયાબિટીસવાળાં દર્દી પણ ગમે તેટલા પ્રમાણમાં કાકડી ખાય તો પણ એનાથી બ્લડ સુગર વધતું નથી. કાકડી ખાવાથી ઈન્સ્યુલીન, ટ્રાયગ્લીસરાઈડ તથા કોલેસ્ટ્રોલમાં પણ ફાયદો થાય છે તથા બ્લડપ્રેશર પણ ઓછું થાય છે. ચામડીને સ્વસ્થ રાખે છે તથા વજન ઘટાડવામાં પણ મદદ કરે છે . તે આથેલી પણ ખાઈ શકાય છે, જે આંતરડાના આરોગ્યને સુધારે છે. કાકડી એકલી પણ ખાઈ શકાય છે, કચુંબર / સલાડ તરીકે પણ ખાઈ શકાય છે, સમારેલીને પાણીમાં રાખીને તેનું પાણી પણ પી શકાય છે (ડીટોક્સ વોટર) અથવા ગમે તેની સાથે ઉમેરીને પણ ખાવાથી ફાયદો જ થાય છે.

**અમેરિકા - ડૉ. ચંદ્રેશ જરદોશ**

## એનાલોગ પનીર

આપણે ત્યાં ચીઝ, બટર અને પનીર ડુપ્લીકેટ બને છે. સરકારે હવે આ એનાલોગ કહેવાતું ડુપ્લીકેટ ચીઝ, બટર, પનીર જે અખાદ્ય હોય તેના વેચાણ પર પ્રતિબંધ મૂકી દીધો છે. હવે સવાલ એ થાય છે કે હોટેલ ઉદ્યોગ કે ઘરમાં રોજિંદા ખોરાક માટે શાકભાજીમાં વધુમાં વધુ પનીર વાપરતા હતા તે પનીર એનાલોગ પણ હોઈ શકે તો પ્રતિબંધ પછી હવે આ ઘટતું ચીઝ, બટર, પનીર લાવવું ક્યાંથી? બીજી તરફ એવા પણ સમાચાર વાંચવામાં આવ્યા છે કે ભારતમાં દૂધનું પૂરતું ઉત્પાદન નથી. આપણે જે દૂધ વાપરીએ છીએ તે પૂરેપૂરું શુદ્ધ ન પણ હોય તેવી શંકા થાય છે, તો હવે પનીર બનાવવા માટે વધારાનું શુદ્ધ દૂધ જોઈએ. તેનું આપણી પાસે પૂરતું ઉત્પાદન જ ન હોય તો ચીઝ, બટર, પનીર બનાવવા દૂધ લાવીશું ક્યાંથી? અમેરિકા કૃષિ ક્ષેત્રે પોતાની ડેરી પ્રોડક્ટ ભારતમાં વેચવા ટાંપીને બેઠું છે. અચાનક જ એનાલોગ પનીર અને ચીઝ, બટર પર સરકારે પ્રતિબંધ મૂકી દેતાં બટર, ચીઝ, પનીરની ખેંચ પડશે ત્યારે થોડો માલ આયાત કરવાની નોબત પણ આવી શકે છે.

**સુરત -વિજય તુઈવાલા**

## માનવતા મરી પરવારી નથી

તાજેતરમાં જુલાઈ મહિનામાં દક્ષિણ ગુજરાતનાં કેટલાંક ગામડાંઓમાં અને શહેરોના નીચાણવાળા વિસ્તારમાં બે વખત અસંખ્ય ઘરો અને દુકાનોમાં પાણી ઘૂસી ગયાં. કેટલાંક માણસો પૂરના પ્રવાહમાં તણાઈ ગયાં એટલું જ નહીં મૂંગાં પશુઓ પણ રેલનો ભોગ બન્યાં. માલ મિલકતનું પણ ખૂબ જ નુકસાન થયું. લોકોના અપાર દુ:ખની વચ્ચે પણ માનવતા ચારે બાજુ મહેકી ઊઠી. સેવાભાવી સંસ્થાઓ અને અસંખ્ય લોકો પણ કોઈ પણ જાતના સ્વાર્થ અને ભેદભાવ વિના અસરગ્રસ્તોની વહારે દોડતાં પહોંચી ગયાં. નાતજાતના ભેદભાવ ભૂલીને કેટલાંક લોકોને તો મદદરૂપ થવા માટે પણ સ્પર્ધા કરતાં જોઈને ખરેખર આનંદ થયો. પોતાની નજર સામે પોતાનાં સ્વજન કે પોતાના સ્વજન જેવાં જ ગાય, ભેંસ, બકરીને રેલનાં પાણીમાં તણાઈ જતાં હોવા છતાં નિ:સહાય બની જાય છે. રેલનાં પાણી ઊતરી ગયા પછી પણ સામુહિક ધોરણે જે સાફસફાઈની કામગીરી થઈ એ પણ કાબિલેદાદ રહી. 1968 ની રેલને લોકો યાદ કરીને તેના કરતાં પણ વધુ નુકસાન થયું એવી વડીલોના મોંએ વાત સાંભળવા મળી. સરકારી સહાયની બિલકુલ રાહ જોયા વિના તથા રાત દિવસ જોયા વિના લોકો એકમેકને મદદ કરી ધન્યતા અનુભવતાં લોકોને મેં નજરે જોયાં છે. કુદરતી આપત્તિના સમયે લોકો આગલું પાછલું બધું ભૂલી જઈને પરસ્પર સહાયભૂત થઈ રહ્યાં હોય એ જોઈને દુનિયા હજી જીવવા જેવી છે એવું ચોક્કસપણે કહી શકાય. બધું જ બગડી ગયું નથી એનો અહેસાસ અનેક લોકોને થયો.

**નવસારી - ડૉ.જે. એમ. નાયક**

## દિવાળીનો દરવાજો 'દિવાસો'

અષાઢ વદ અમાસના દિવસે' દિવાસા'નો તહેવાર આવે છે.'દિવાસા'ને હરિયાળી અમાસ પણ કહેવામાં આવે છે. દક્ષિણ ગુજરાતનાં હળપતિ આદિવાસીઓનો દિવાસો મુખ્ય તહેવાર છે.ચોમાસામાં વાવણી કરવામાં આવે છે.અષાઢ મહિનામાં ખેતર લીલુંછમ થઈ જાય છે.હરિયાળી અમાસ 'દિવાસા'ના દિવસે ખેતરમાં હરિયાળી જોઇ હળપતિઓ આનંદ વ્યક્ત કરવા તુરી,થાળી,તંબુરો,ભૂંગળ અને ઝારી કાઠી જેવાં વાદ્યો વગાડી 'ચાળો' નૃત્ય કરે છે અને રંગેચંગે 'દિવાસા' ની ઉજવણી કરે છે.તે દિવસે ઢીંગલી ઉત્સવ પણ મનાવે છે.ઢીંગલી ઢીંગલાના લગ્ન કરવામાં આવે છે.ઢીંગલાંનો વરઘોડો કાઢવામાં પણ આવે છે.દક્ષિણ ગુજરાતનાં ગામોમાં દૂધપાક અને માલપુડાનું જમણ કરવામાં આવે.ચોમાસામાં માખીનો ઉપદ્રવ ઘણો હોય છે.લોકવાયકા મુજબ 'દિવાસા'થી માખીનો ઉપદ્રવ ઓછો થાય છે.સુરતમાં હળપતિ સમાજ દ્વારા તાપીના કિનારા પર ઢીંગલી ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે.સુરતમાં સગરામપુરા હનુમાન શેરીમાં રોકડિયા હનુમાનજીના મંદિરના પ્રાંગણમાં લોકમેળો ભરાય છે.

સુરતીઓ મોટી સંખ્યામાં મેળાનો આનંદ લે છે.સુરતીઓ 'દિવાસા'ના દિવસે વેઢમી અને લાપસીનું જમણ કરે છે.'દિવાસા'ના દિવસથી દિવાળી સુધી શ્રાવણ,ભાદરવો અને આસો મહિનામાં આવતા તહેવારોની શ્રૃંખલાની શરૂઆત થાય છે.એટલે 'દિવાસા'ને 'દિવાળીનો દરવાજો 'પણ કહેવામાં આવે છે.

**સુરત -કિરીટ મેઘાવાલા**